# પાત્રતા

પાત્રતા એ પૂર્ણતા ભણી લઈ જતું એવું સોપન છે, જેમાં જાતને સતત કસોટીની એરણ પર ચડાવતાં રહેવું પડે છે. પ્રત્યેક પળે જાત સાથે પ્રામાણિકપણે વર્તવાની જાગૃતિ રાખવી પડે છે. અને છતાંય આ ક્રિયાઓ દ્વારા ઉત્ક્રાંતિની ક્રિયામાં ઉત્થાન ભણી ગતિ કરવાની પાત્રતા કેળવાઈ જશે, તેની કોઈ ચોક્કસ ખાતરી મળતી નથી. કારણ કે કોઈ પણ જીવંત શરીર પૂર્ણતાને પામી શકતું નથી. તેથી પાત્રતાની ખેવના રાખનારે પૂર્ણતા પ્રતિ ગતિ કરવાનો પુરુષાર્થ સતત ચાલુ રાખવો પડે છે. સરળ શબ્દોમાં પાત્રતા ખુદના વિકાસની જીવનપર્યંત ચાલુ રહેનારી પરિવર્તનશીલ પ્રક્રિયા છે.

હકીકતમાં ખુદને જાણવાનો અને પામવાનો વિચાર આકારાય તે પૂર્વ, 'સ્વ'ની આસપાસ એટલાં જાળાં રચાયાં હોય છે કે તે તમામને ભેદવાનું કાર્ય કઠિન બની ગયું હોય છે. પરિણામે પાત્રતાને પામવાનો પુરુષાર્થ વિકટ બની રહે છે. છતાંય એ સત્ય નકારી ન શકાય કે પાત્રતાને પામવાનો નિર્ણય જીવનમાં કોઈ પણ પળે લઈ શકાય છે અને તે જ ક્ષણેથી તેની અમલ બજવણીનો આરંભ કરી શકાય છે. હા, આ નિર્ધારને સાકાર કરવાની તાલીમ સ્વાનુભવથી મેળવવી પડે છે. વાચન, મનન અને ચિંતન માત્ર સહાયક સાધનો બની શકે છે.

મારામાં પાત્રતાને પામવાની એષણા પ્રારંભથી જ ઉદિત કરવામાં આવેલી. તેથી જે કાંઈ કરવું તે પૂર્ણ સમજણ અને

સ્પષ્ટ વિચારો સહ કરવું, તેવો આગ્રહ સેવવાની આદત અનાયાસે કેળવાયેલી ફલતઃ પાત્રતા મારા જીવનની પ્રત્યેક ક્રિયાનો પાયો બની ગઈ. આજે જ્યારે કોઈ લખાણ લખવા સારુ કલમ હાથમાં લઉં કે કોઈ સમારોહમાં વક્તવ્ય આપવા ઊભી થાઉં કે કોઈ રુગ્ણ માનવદેહને સ્પર્શ કરું ત્યારે જાત સાથે એટલો સંવાદ અચૂક કરી લઉં કે આ કાર્ય કરવા માટેની મારી યોગ્યતા કેટલી? આ ક્રિયા દ્વારા હું શું સાધ્ય કરવા ચાહું છું? શું આ ક્રિયા; જ્ઞાન અને તે અન્વયે વ્યક્તિત્વના વિકાસમાં સહાયક બની શકે તેવી છે, ખરી?

મારી પાત્રતા ન હોય તેવા વિષય પર હું લખું, તો એ લખાણ મારી લેખનકાર્ય પરની હથોટીને કારણે સુંદર સાહિત્ય જરૂર બની રહે, પરંતુ તે માત્ર શબ્દપ્રપંચ હોય. જે વિષયની જાણકારી ન હોય તેવા વિષય પર મારા વાક્ચાતુર્ય થકી હું પ્રભાવી વક્તવ્ય આપી શકું, કિન્તુ તે વક્તવ્ય માત્ર શબ્દોની પોકળ રમત બની રહે. જેમાં મારું નૈપુણ્ય ન હોય તેવા રોગના રોગીને મારી વાણીની મીઠાશથી આશા આપી શકું, પરંતુ એ બોલમાં સારવારનાં ઠાલાં આશ્વાસનો હોય, દર્દીના દર્દની કે સારવારની અધિકૃત માહિતી નહીં.

લખાણના પ્રત્યેક શબ્દમાં વ્યક્તિના જીવનનું પ્રતિબિંબ હોવું જોઈએ. પ્રવચનના દરેક બોલમાં વ્યક્તિનો આત્મા ધબકતો હોવો જોઈએ. વ્યાવસાયિક ક્ષેત્રે આચરાતી દરેક ક્રિયામાં કૌશલ્યનું કૌવત પ્રગટવું જોઈએ. એક લખાણ જે જીવનનો દસ્તાવેજ હોય, એક પ્રવચન જેમાં જીવતરનું જિવાયેલું સાચ હોય, એક સારવાર જેમાં અનુભવયુક્ત જ્ઞાન શ્વસતું હોય; તેમાં જ કર્મનિષ્ઠાનો સાદ છે. અધિકૃતતાના અંશો છે. પાત્રતાના પડછંદા છે. શેષ સઘળું અલ્પકાલીન આનંદ આપતું મનોરંજન છે.

જીવનની સફરમાં આવા મનોરંજનથી જાતને દૂર રાખવી હોય તો પાત્રતાને પામવા મન, વચન અને કર્મથી કાર્યાન્વિત બનવું ઘટે. ઇન્સ્ટન્ટ સફળતાની લગની ત્યજીને પરિશ્રમપૂર્વક

કર્મભૂમિને ખેડવી પડે. પુરુષાર્થની આગમાં અસ્તિત્વના પ્રત્યેક કણને બાળવાની તૈયારી રાખવી પડે. જિંદગીનો દરેક અંશ જ્યારે સમિધ બનીને કર્મયજ્ઞની વેદીમાં સૂકાં લાકડાંની જેમ ભડભડ બળે, ત્યારે જ ઉપલબ્ધિ નક્કર બને. સફળતાનું સૌંદર્ય સત્ત્વની સુગંધથી મહેકે અને ચારિત્ર્ય દૃઢ બને, તો જ હયાતી ઉત્ક્રાંતિ ભણી ગતિ કરે.

અન્યના શબ્દો, અન્યના વિચારો, અન્યની ભાવનાઓ, અન્યના અનુભવો, અન્યનું જ્ઞાન વ્યક્ત કરવું, સલામત અને પ્રણાલિકાગત બને. પરંતુ તેવું કરવાથી તો મારા ખુદના પડછાયામાં અન્યની છાયા ભળેલી જણાય. કોઈની સાંભળેલી વાણી મને કહેવામાં આવે અને હું તેનું પુનઃ ઉચ્ચારણ કરું તો તે સાવ થર્ડહૅન્ડ બની જાય અર્થાત્ મારો સમગ્ર પડછાયો પારકો બની જાય. જે પ્રતિબિંબ પણ મારું ન બની રહે, તે જિંદગીને કેમ કરીને મારી કહી શકાય?

જિંદગીને મારાપણાનો અહેસાસ આપવાનો અર્થ એટલો જ કે મારું પ્રતિબિંબ મારા શુદ્ધ તરલ વ્યક્તિત્વનું પ્રતિબિંબ બની રહે. મારો કોઈ પણ શબ્દ ઉછીનો ન હોય, બલ્કે મારું અંતર્જ્ઞાન હોય. મારો બોલ મારો અવાજ ન હોય, બલ્કે મારા મનની પતીજ હોય, મારું કાર્ય અન્યની નકલ ન હોય, બલ્કે મારા અનુભવની નીપજ હોય; એવો અનુભવ જે અન્યની માહિતીનો આશ્રિત ન હોય. અંગત હોય છતાંય સત્યથી વેગળો ન હોય. મેં ખુદ જોયું, સાંભળ્યું અને અનુભવ્યું હોય તેવા સત્યનો કોઈ વિકલ્પ ન હોઈ શકે.

કૅન્સરની અંતિમ અવસ્થામાં શ્વસતા કોઈ રુગ્ણદેહને સાંત્વન આપું કે તેના સ્વજનોને સારવારની વિગતો સમજાવું, ત્યારે કેટલાય સ્વજનોની સ્મૃતિઓ ભીતરમાં શ્વસતી હોય. જેમની મનોવેદનાને જોયેલી પણ જાણેલી નહીં, જેમની પીડાને જોયેલીય ખરી અને જાણેલીય ખરી, એવા અનેક સ્વજનોની આવી અવસ્થા વેળાની તસવીર અને મારા પરિવારજનોની તે વેળાની સ્થિતિનો અહેસાસ

અંતરને જાણે ઓગાળતો હોય! કદાચ એ જ કારણ હોય કે મારા શબ્દો, મારો સ્પર્શ, મારી મોજૂદગી, સર્વેમાં દર્દીની પીડા ટહુકે ટહુકે ઓગળતી જાય અને દર્દી પૂર્ણ સંતોષ સાથે સ્મિત આપે.

પ્રવીણ મારા સ્મૃતિપટે અકબંધ જળવાયેલો યુવાન દર્દી. માતા-પિતાની ઇચ્છા વિરુદ્ધ મનપસંદ જીવનસંગિની સાથે સંસાર માંડીને મુંબઈમાં સ્થાયી થયેલો. દોઢ વર્ષનો પુત્ર અર્જુન, તેને જીવથીય વધુ વહાલો. પચ્ચીસ વર્ષની વયે કંપનીના ક્વાર્ટરમાં ઘર બનાવીને વસેલો પ્રવીણ; જ્યારે મારી પાસે આવ્યો ત્યારે તેની એકમાત્ર ઇચ્છા પત્નીને પોતાની કંપનીમાં નોકરી અપાવવાની, જેથી તે બે-ઘર ન બને. તેનું કામ થઈ ગયું તે દિવસથી તે ખૂબ ખુશ રહેતો. તેનો ખાટલો સૌથી છેલ્લો તેથી તેની પાસે પહોંચું, ત્યારે તે મને હંમેશાં પ્રશ્ન કરે : 'કેમ છો, ડૉક્ટર?'

'આ પ્રશ્ન મારે તને પૂછવાનો હોય, પ્રવીણ.'

'મારી વાત માંડતાં પહેલાં મારે એ જાણવું જોઈએ કે આટલા બધા દર્દીઓની પીડાની કથનીઓ સાંભળીને તમે થાકી ગયાં છો કે નહીં?' કહીને તે હસેલો અને પછી ઉમેરેલું, 'એક વાર તમારા ક્ષેમકુશળ જાણી લઉં એટલે મને પણ મારી દાસ્તાન કેમ રજૂ કરવી તેનો ખ્યાલ આવે ને!'

આયુષ્યનો અંત સમીપ આવી રહેલો, યાતનાની તીવ્રતા દિવસે ન વધે, તેટલી રાતે વધે, છતાંય પ્રવીણ, 'કેમ છો, ડૉક્ટર?' પૂછવાનું ન ચૂકે. શનિવારે સવારે તો આંખોની રોશની પણ રોગે છીનવી લીધેલી માલૂમ પડી. છતાંય મારાં પગલાં પરથી મને ઓળખી લીધેલી, અને મારા સમાચાર પૂછવાનો નિત્યક્રમ પાળેલો. રવિવારે રજાનો દિવસ અને સોમવાર સુધીમાં તો પ્રવીણનો ખાટલો ખાલી થઈ જવાનાં પૂરાં ચિહ્નો હતાં. તેથી શનિવારે તમામ કામ પૂરું કરીને, હૉસ્પિસમાંથી નીકળતાં પહેલાં પ્રવીણ સાથે અંતિમ સંવાદ કરવા ગઈ. પ્રવીણે મારો હાથ પોતાના હાથમાં લેતાં કહેલું :

'ડૉક્ટર, ચિંતા ન કરો. હું તમને સોમવારે મળીશ.' મારી વાણી નિઃશબ્દ બની ગઈ. એટલે પ્રવીણ બોલ્યો, 'ડૉક્ટર, તમારા ખબરઅંતર પૂછ્યા વિના હું આ ખાટલો ખાલી કેવી રીતે કરી શકું? માય કૉન્શિયસ વિલ નૉટ અલાઉ મી ટુ ડુ સો. (મારું ભીતર મને તેવું કરવાની પરવાનગી ન આપે.)'

સૌના આશ્ચર્ય વચ્ચે સોમવારે સવારે પ્રવીણના શ્વાસ ચાલુ હતા. હું સૌથી પહેલી તેના બિછાના પાસે ગઈ. મારાં પગલાં પરથી તેણે મને ઓળખી લીધી, અને મારા હોઠ કાંઈ બોલવા ખૂલે તે પહેલાં જ તેણે મને પૂછ્યું :

'હાઉ આર યૂ, ડૉક્ટર? (ડૉક્ટર, કેમ છો?)'

પ્રવીણના શબ્દોએ પુસ્તકિયા તબીબી જ્ઞાનને શિકસ્ત આપેલી, પરંતુ મોતને પાછા ઠેલવાની માનવીની આંતરિક તાકાતની ઓળખ કરાવેલી.

તબીબી વિજ્ઞાનના અભ્યાસ દરમિયાન ન શિખાયા હોય તેવા કેટલાય સાચ, અનુભવની કેડીઓ પર હાથ લાગેલાં. આવાં સત્યો જ પ્રાપ્ય શિક્ષણને જ્ઞાન બનાવવામાં સહાયરૂપ બનેલાં. છતાં મને અનુભવની વેદીમાંથી જે કાંઈ પ્રાપ્ત થાય તેનો અન્યએ સ્વીકાર કરવો જોઈએ, એવો આગ્રહ અંતરે કદી નથી આકારાયો. કારણ કે પ્રત્યેક વ્યક્તિનું સાચ ઘટનાને મૂલવવાના તેના દૃષ્ટિકોણ પર અવલંબિત છે.

જીવનની સફરમાં હાથ લાગેલ સત્યને, સમજને અને વિચારોને વ્યવહારમાં મૂકતી વેળા મેં પાછી પાની નથી કરી, કારણ કે અનુભવયુક્ત સમજણનો અને વાણીનો રણકાર ક્યારેય બોદો નથી હોતો. એટલું જ નહીં, તેનું તત્ત્વ અન્યને પણ ક્યાંક સ્પર્શે છે જરૂર.

આવી પાત્રતા પારદર્શિતામાંથી પ્રગટે છે. જ્યારે હું પારદર્શક છું ત્યારે મારી હયાતી નિસર્ગદત્ત તત્ત્વોનું સંવર્ધન કરી રહી છે.